બેન્જામિનનો ફુગ્ગો

જેનેટ, ચિત્ર: રોબર્ટ સેંસોની

બેન્જામિનનો
ફુગ્ગો

એક દિવસ સવારે બેન્જામિનને એક ફુગ્ગો મળ્યો. એણે એને ઉઠાવ્યો અને એમાં હવા ફૂંકવા લાગ્યો.

એણે હવા ફૂંકી અને વધારે ફૂંકી.

ફુગ્ગો મોટો અને વધારે મોટો થતો ગયો.

"હવા ફૂંકવાનું બંધ કર, બેન્જામિન," એની બહેને કહ્યું.

"તારા ફુગ્ગાએ મારી ઢીંગલીઓને પાડી દીધી છે."

પણ બેન્જામિને ફુગ્ગામાં હવા ભરવાનું ચાલુ રાખ્યું.

"હવા ફૂંકવાનું બંધ કર, બેન્જામિન," એની માઁ એ કહ્યું.

"તારા ફુગ્ગાએ મારી ઘડિયાળને માછલીની ટાંકીમાં પાડી દીધી છે."

પણ બેન્જામિને હવા ફૂંકવાનું ચાલુ રાખ્યું.

" હવા ફૂંકવાનું બંધ કર, બેન્જામિન!" પિતાએ બૂમ પાડી.
"તું તારી દાદીને કચરી રહ્યો છે."

એટલે બેન્જામિન બહાર ગયો અને ફુગ્ગામાં હવા ભરવાનું ચાલુ રાખ્યું.



"ફુગ્ગામાં હવા ભરવાનું બંધ કર, બેન્જામિન," ટપાલીએ બૂમ પાડી. "તારા ફુગ્ગાએ મને મારી સાઇકલ પરથી પાડી દીધો છે."

પણ બેન્જામિન ચાલતો-ચાલતો ફુગ્ગામાં હવા ભરતો જ રહ્યો.

"ફુગ્ગામાં હવા ફૂંકવાનું બંધ કર, બેન્જામિન," એક ખેડૂતે રાડ પાડી.

"તારા ફુગ્ગાને લીધે મારી ગાયો પડી ગઈ છે."



પણ બેન્જામિન હવા ભરતો જ રહ્યો.

ત્યાં એ એક ખુલા મેદાનમાં આવી ગયો.

ફુગ્ગો હવે બહુ મોટો થઈ ગયો હતો.

"જો હું હમણાં ફુગ્ગાને છોડી દઉં," બેન્જામિને વિસ્મયથી વિચાર્યું, "તો શું થશે?"

પણ ત્યાં જોરથી હવા ફૂંકાવા લાગી. એને લીધે બેન્જામિન અને ફુગ્ગો હવામાં ઉડવા લાગ્યા.



"અરે બાપરે!" બેન્જામિને ફુગ્ગાને કસી ને પકડતા કહ્યું.

ફુગ્ગો એને ખેતરની ઉપરથી લઇ ગયો.

એ એને કસ્બાથી દૂર લઇ ગયો.



ફુગ્ગો એક શહેરની ઉપરથી ઉડયો.

એ ગગનચુંબી ઇમારતોની વચ્ચેથી નીકળ્યો.

નવ્વાણુંમાં માળે કામ કરતા લોકો બેન્જામિનને જોવા માટે ઉભા રહ્યા. એણે બેન્જામિનને એની બારીની સામેથી નીકળતા જોયો.

બેન્જામિને એના આશ્ચર્યચકિત ચહેરાને જોઈને સ્મિત કર્યું.

"અરે આ તો બહુ મજાનું છે," એ મનમાં બોલ્યો.

હવા ફુગ્ગાને ઊંચા પર્વતો તરફ લઈ ગઈ.

મજબૂત ફુગ્ગો અણીદાર બર્ફીલી ચમકતી ટોચ સાથે ટકરાયો, પણ ફૂટ્યો નહીં.

હવામાં તરતો ફુગ્ગો મહાસાગર ઉપરથી ઉડયો, અને ઘણા સમુદ્રી પક્ષીઓએ એને ચાંચ મારી.

પણ એ ફૂટ્યો નહીં.



બેન્જામિન અને ફુગ્ગો હવામાં તણાઈને દૂરના એક દ્વીપ ઉપરથી પસાર થયા. ટાપુના રહેવાસી ગભરાઇ ગયા અને એના તરફ અણિયાળા ડાર્ટ ફેંક્યા.

પણ એના નિશાન ચૂકી ગયા.

બેન્જામિન અને ફુગ્ગો ઉડતા-ઉડતા ઉત્તર ધ્રુવ પહોંચ્યા.

ત્યાંના એસ્કિમો લોકો સીલનો શિકાર કરી રહ્યા હતા. એણે ફુગ્ગા પર એના ભાલા ફેંક્યા.

પણ એ ચૂકી ગયા.

દુનિયાભરના દરેક શહેર અને ગામના લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળ્યા.

બધા બેન્જામિન અને એના ફુગ્ગાને આકાશમાં ઉડતા જોવા ઇચ્છતા હતા.

બેન્જામિન હાથ હલાવીને એ લોકોનું અભિવાદન કરવા ચાહતો હતો, પણ ફુગ્ગાને છોડવાની એની હિમ્મત ન થઈ.

જયારે બેન્જામિન ફુગ્ગાને પકડીને થાકી ગયો, ત્યાં તેજ હવા થંભી ગઈ.

અને ફુગ્ગો ધીરે-ધીરે જમીન પર આવી ગયો. ફુગ્ગો, બેન્જામીનના ઘર પાસે આવીને ઉતર્યો.

બધા એ વિશાળ ફુગ્ગાને જોવા દોડીને આવ્યા.

બેન્જામિને એક હાથે ફુગ્ગાને એના માથાની ઉપર પકડી રાખ્યો.

પછી બીજું હવાનું ઝોકું આવે એ પહેલા એણે ફુગ્ગો છોડી દીધો.

ફુગ્ગામાંથી હવા બહાર નીકળી:

ફુસ......સસસસસસસ......

ધીરે-ધીરે ફુગ્ગામાંથી બધી હવા નીકળી ગઈ.

બેન્જામિન રાજી હતો.



સમાપ્ત